

12

સ્વામી સીમંધર, વિનંતી સુણજો

સ્વામી સીમંધર, વિનંતી સુણજો;
વ્યવહારે 'જીવ'ને, સદ્‌બુદ્ધિ હોજો.

ઘેરાઈ દૈહિક, અધ્યાસી આંખો;
મિથ્યાત્વે મોહક, કર્મો છે લાખો.
પુદ્‌ગલની રમણા, 'જીવ'ને છે બંધન;
તેમાં ન પૂરીએ, સ્વચ્છંદનું ઈંધણ.

પરમાણુ સ્પંદન, વિશ્વાર્થ ક્રંદન;
સ્વ-આત્મરમણા, મુક્તક સજીવન.
'હું' જીવતો છું, 'માને' અહંકાર;
કર્તા બનીને, બાંધે જગત-માળ.

કર્તૃત્વ 'હું'પદે, 'જીવ'ને છે રઘવાટ;
ચોરો છે ભીતર, કાયમ વિવશ વાટ.
ખીલતાં પહેલાં, મૂરઝાઈ જાવું;
ઝખ્મો છે તાજાં, પ્રભુ ક્યાં રુઝાવું ?

ના સત્ય મળ્યું, મંદિર–દેરે;
જગ સત્યાસત્યો, સાપેક્ષ ઘેરે.
ધીરજનું આકુળ–વ્યાકુળ દેવાળું;
માનવનાં ભવમાં, જીવતર લૂંટાયું.

અંદર તો દીપક, સળગે છે ઝાંખો;
સંકોરી વાટ જ, અબ તો પ્રકાશો.
વીજળીનાં ઝબકે, પ્રોવી લ્યો મોતી;
અરિહંત સાંધે, પ્રગટે સ્વજ્યોતિ.



અજ્ઞાને અંધાર, કષ્ટિલ દિવાળી;
પ્રજ્ઞા જ્વલંતક, જ્ઞાનમ્ 'દી' વાળી.
સત્ અંતિમાર્ક, સ્વાહિતકારી;
પ્રત્યક્ષ અરિહંત, છે ઉપકારી.

જાગરણ કીધાં છે, દર્શનની પ્યાસે;
ઉજાગરા પણ, ભવ-અંત કાજે.
સ્વામી સીમંધર, અનુસંધના શ્રી;
ચોક્કસ બનીશું, એકાવતારી.

છે ટળવળાટો, જાગૃતિ કાજે;
રોઈ પડાશે, ભીંજવો ધરાને.
વ્યવહારે સમતા, નિશ્ચયથી દીપજો;
અરજીને સુણીને, ઉત્તર સુણવજો.---સ્વામી...

-પુષ્પા મહેતા

-કવિરાજ નવનીત